## સંક્ષિપ્ત સમાચાર

### પારડી-ચીવલ રોડ પર ટ્રક સાથેના અકસ્માતમાં રિક્ષા ચાલકનું મોત



પારડી : પારડી-ચીવલ રોડ પર નાનાપોંઢા-નાસિક તરફથી શાકભાજી તથા માલસામાન ભરીને આવતા-જતા ટેમ્પો-ટ્રક, બોલેરો જેવા ભારે વાહન ચાલકો પુરઝડપે હંકારી આવતા અકસ્માતોની ઘટના વારંવાર બનતી રહે છે. શુક્રવારે પારડી દીપકવાડી પાસે નાના વાઘછીપાથી પેસેન્જર ભરી આવતી રિક્ષાને ટ્રક ચાલકે સામેથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષા ચાલક તથા 2 મહિલા મુસાફરને ઇજા પહોંચી હતી. ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રિક્ષા ચાલક ઉત્તમ પ્રેમા પટેલ (રહે. નાનાવાઘછીપા)ની હાલત ગંભીર હતી. જેનું શનિવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ઘટનામાં અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ ઉપરથી ફરાર થઇ ગયો હતો. પારડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે અહીં વારંવાર સર્જાતા અકસ્માતને પગલે લોકોમાં રોષ વ્યાપી જવા પામ્યો હતો.

### વાપીના ચણોદમાં કરીયાણાના વેપારી ઉપર ચપ્પુથી હુમલો

વાપી : વાપીના ચણોદમાં કરીયાણાની દુકાન ચલાવતા વેપારી સાથે નશાની હાલતમાં આવીને નશો કરીને ગાળો બોલતા શખ્સને જતો રહેવા કહેતા એક સાથીને લઈને આવીને વેપારીને મારમારી તેના માથામાં ચપ્પુથી ઘા ઝીંકી દેતા વેપારીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. આ બનાવની વિગત એવી છે કે, વાપીના ચણોદમાં કરીયાણાની દુકાન ચલાવતા વેપારી ૪૨ વર્ષના રાકેશ માધવભાઈ સહાને તેમની દુકાન ઉપર બેઠા હતા ત્યારે તેમની ચાલીની બાજુમાં રહેતા રમેશભાઈ ઉર્ફે રામજી ભાનુશાલી નશાની હાલતમાં દુકાન પર આવ્યો હતો તેને ત્યાંથી જતો રહેવા માટે રાકેશભાઈએ કહ્યું ત્યારે એ ગાળો બોલીને ઝઘડો કરવા લાગ્યો હતો. ત્યારબાદ હાથાપાઈ કરવા લાગતા વેપારી રાકેશભાઈની પત્ની ત્યાં આવતા તે જતો રહ્યો હતો. આશરે દસેક મીનિટ બાદ તેના લાલુ નામના એક સાથીને લઈને આવીને ઝઘડો કરવા લાગ્યો હતો. ત્યાર બાદ રમેશભાઈએ વેપારીને પાછળથી પકડી લઈને લાલુએ ચાકુથી માથાના ભાગે છથી સાત વાર ઘા ઝીંકી દીધા હતા. વેપારી રાકેશભાઈ નીચે પડી જતા જતા રમેશભાઈ ભાનુશાલીએ વેપારીને પગથી લાતો મારીને હવે પછી ચણોદમાં દેખાણો તો તને જાનથી મારી નાખીશુ તેવુ કહીને ભાગી ગયો હતો. ડુંગરા પોલીસે આ બનાવમાં બંને આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વાંસદાની સરા હાઈસ્કૂલનો વિદ્યાર્થી ખેલ મહાકુંભમાં ઝળક્યો



વાંસદા : આદિવાસી વિકાસ સેવા મંડળ સંચાલિત શેઠ શ્રી સી. પી દેસાઇ હાઈસ્કૂલ સરા ખાતે ધો. 10-B માં અભ્યાસ કરતો વિદ્યાર્થી વિનેશભાઇ સુરેશભાઇ ગામીત જિલ્લા કક્ષા ખેલ મહાકુંભ 2025- 26 ગોળાફેંકમાં પ્રથમ, 100 મીટર દૌડમાં પ્રથમ, ચક્ર ફેંકમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી વિજેતા થયો હતો. હવે વિનેશ ગામીત રાજ્ય કક્ષાના ખેલમહાકુંભમાં ઉપરોક્ત બે ઇવેન્ટમાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના આચાર્ય નિકુંજભાઈ પટેલ, શિક્ષકો, માર્ગદર્શક તેમજ સમગ્ર શાળા પરિવારને મંડળના પ્રમુખ વિનોદભાઈ ચૌધરી, મંત્રી વજેસિંગભાઈ ભગરીયા, ઉપપ્રમુખ ભીખુભાઇ પટેલ, સમગ્ર ટ્રસ્ટીઓ તેમજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ રાજ્યકક્ષાએ પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

### દશેરા ટેકરીમાં યુવકના માથામાં બ્લોકથી હુમલો, પાંચ ટાંકા આવ્યા

નવસારી : નવસારીના દશેરા ટેકરી વિસ્તારમાં બોલાચાલીમાંથી ઝઘડો થયો અને તે ગંભીર હુમલામાં બદલાયો હતો. નહેરૂનગર જૂની પાણીની ટાંકી નજીક રહેતા નાથુભાઈ રાજુભાઈ હળપતિ (ઉ.વ. 32) પર બે વ્યક્તિઓએ મળીને હુમલો કરતા માથા અને હાથમાં ઈજાઓ પહોંચાડી હતી. બનાવને પગલે નવસારી ટાઉન પોલીસમાં બે આરોપી સામે ગુનો નોંધાયો છે. પોલીસ ફરિયાદ મુજબ, ગુરુવારની મધરાત્રિએ આશરે 00:45 વાગ્યે દશેરા ટેકરી-રામજી ખત્રી નાળ ત્રણ રસ્તા વિસ્તારમાં ફરીયાદી અને આરોપી ચેતન ઉર્ફે ચિંટુ જીવણભાઈ રાઠોડ વચ્ચે બોલાચાલી થઈ હતી. બોલાચાલી બાદ ચેતને ગુસ્સામાં બાજુમાં પડેલો બ્લોક ઉચકી ફરીયાદીના માથામાં માર્યો હતો, જેના કારણે પાંચ ટાંકા લેવા પડ્યાં હતાં. હુમલામાં ફરીયાદીના બંને હાથમાં પણ ઈજા પહોંચી હતી. આ દરમિયાન આરોપી હીતેશ મુન્નાભાઈ દેસાઈએ ફરીયાદીને માર મારી શર્ટ પણ ફાડી નાખ્યો હતો. ફરીયાદી સાથે આવેલા તેમના ફોઈના દીકરાને પણ હીતેશે માર માર્યો હતો. સાથે જ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરાયેલા હથિયારબંધ પ્રતિબંધના નિયમનો ભંગ પણ થયો હોવાનું પોલીસને જણાયું છે. આ બનાવમાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### નાંધઇ શાળાના છાત્રો વિધાનસભાની મુલાકાતે



ખેરગામ : ખેરગામના નાંધઇ ગામના વિદ્યાર્થીઓને ગુજરાત વિધાનસભાની મુલાકાત માટે લઈ જવાયા હતા. શાળાના આચાર્ય જીતુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વિધાનસભાની મુલાકાત દરમિયાન કેબિનેટ મંત્રી નરેશ પટેલને પોતાના મતવિસ્તાર નાંધઇ ગામના છાત્રો વિધાનસભાની મુલાકાતે આવ્યા હોવાનું માલૂમ થતા તેમણે તમામ વિદ્યાર્થીઓને મળીને તેમનું સ્વાગત કર્યું હતું. તેમણે વિધાનસભાનું કાર્ય, લોકશાહીનું મહત્વ અને રાજ્ય વિકાસમાં તેની ભૂમિકા વિશે બાળકોને વિગતે માહિતી આપી હતી. આ દરમ્યાન તેમણે ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પણ પાઠવી હતી. આવા કાર્યક્રમો યુવાઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ વધારે છે અને મંત્રીની આ પહેલ ખૂબ પ્રશંસનીય ગણાવી આચાર્યએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

### આજે ધરમપુરમાં માયાભાઈ આહીરનો લોકડાયરો

ધરમપુર : ભાગવત કથાકાર અને ધરમપુરના ગૌરવ શરદભાઈ વ્યાસ દ્વારા ધરમપુરમાં લોકસાહિત્યની અનોખી સાંસ્કૃતિક મહેફિલનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી લોકસાહિત્યના અગ્રણી સર્જક તથા સુપ્રસિદ્ધ કલાકાર માયાભાઈ આહીરનો લોકડાયરો 14 ડિસેમ્બર, રવિવારના રોજ રાત્રે 9.30 વાગ્યે, શ્રીવ્યાસ તીર્થ (વ્યાસ કુટિર), નિલકંઠ રોડ, ધરમપુર ખાતે યોજાનાર છે. સાહિત્ય, લોકગીત અને પરંપરાગત ગુજરાતી લોક સંસ્કૃતિને માણવાનો આ એક વિશિષ્ટ અવસર છે. કાર્યક્રમને લઈ સાહિત્યપ્રેમીઓ અને લોક સંસ્કૃતિમાં રસ ધરાવતા લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આયોજક મંડળના જણાવ્યા અનુસાર, લોકગીતોની પરંપરા અને ગ્રામ્ય સંસ્કૃતિને ઉજાગર કરતો આ ડાયરો ધરમપુરના સાંસ્કૃતિક કેલેન્ડરમાં એક મહત્વપૂર્ણ ઉમેરો બની રહેશે. કાર્યક્રમ જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે.

# નાળાના કામમાં વેઠ ઉતારી

**આહવામાં** મજબૂત અને ટકાવ કામગીરીના બદલે માત્ર સપાટી પરનું કામ કરીને ગ્રાન્ટનો દુરૂપયોગ કરાયાની ચર્ચા



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયત હેઠળના કામદ ગામે હાલમાં ચાલી રહેલા વિકાસ કાર્યોમાં નિમ્ન કક્ષાની કામગીરી થઈ રહી હોવાના ગંભીર આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. ખાસ કરીને, 15 ટકા વિવેકાધીન યોજના અંતર્ગત થઈ રહેલા નાળાના કામમાં ભારે અનિયમિતતા જોવા મળી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર વિવાદમાં આહવા તાલુકા પંચાયતના સદસ્ય વિજય ચૌધરીની કામગીરી શંકાના દાયરામાં આવી છે. કામદ ગામે જે નાળાનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, તેના માટે જેસીબી (JCB) મશીન દ્વારા ખોદકામ અને માટીકામ કરવામાં આવી રહ્યું છે, જેની તસવીર પણ સામે આવી છે. આ તસવીરમાં જોઈ શકાય છે કે નાળા માટેના બે મોટા પાઈપ (કલ્વર્ટ) તૈયાર રાખવામાં આવ્યા છે અને બાજુમાં જેસીબી મશીન કામ કરી રહ્યું છે. જોકે, આ કામમાં ગુણવત્તાના ધોરણો જાળવવામાં આવ્યા નથી અને માત્ર 'વેઠ' ઉતારવામાં આવી રહી છે. તેવી ચર્ચા પંથકમાં જોવા મળી રહી છે. યોજનાના માપદંડો અને જોગવાઈઓ મુજબ જે પ્રકારની મજબૂત અને ટકાવ કામગીરી થવી જોઈએ, તેના બદલે અહીં માત્ર સપાટી પરનું કામ કરીને સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા જોવા મળી રહી છે. આ 15 ટકા વિવેકાધીન યોજનાના કામના અમલીકરણ અને દેખરેખની જવાબદારી તાલુકા પંચાયત સદસ્ય તરીકે વિજય ચૌધરીની હોવાનું મનાય છે. સદસ્ય વિજય ચૌધરીની રહેમનજર હેઠળ જ આ પ્રકારે નબળી અને નિમ્ન કક્ષાની કામગીરી થઈ રહી છે. કામની ગુણવત્તા જાળવવા માટે તેમણે પૂરતું ધ્યાન આપ્યું નથી, જેના કારણે સરકારી નાણાનો વ્યય થઈ રહ્યો છે અને ગામના લોકોને મજબૂત સુવિધા મળવાને બદલે ભવિષ્યમાં તૂટી પડે તેવા નાળાનું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે નાળાના કામમાં વપરાયેલા મટીરીયલ (માલ-સામાન) અને થયેલા કામની ગુણવત્તાની તટસ્થ ચકાસણી કરી કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ તેવી લોક માંગ ઉઠી છે.

### સાપુતારા ઘાટમાં બે સ્થળે અકસ્માત સર્જાયો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા ઘાટમાર્ગમાં બે સ્થળે અકસ્માત સર્જાયો હતો. મહારાષ્ટ્રનાં નાસિકથી પાઈપનો જથ્થો ભરી મુન્દ્રા ગાંધીધામ તરફ જઈ રહેલી ટ્રક ન. જી.જે.12.બી.વાય 9920 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગમાં બ્રેક ફેઈલ થઈ જતા ટ્રક બેકાબુ બની માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક સહીત માલ સામાનનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરને નજીવી ઇજાઓ પહોચી હતી. જ્યારે બીજા બનાવમાં નાસિક તરફથી સૂરત તરફ જઈ રહેલી ખાલી ટ્રક નં. સી.જી.04.ક્યુ.એફ.2113 જેનો પણ સાપુતારા ગણેશ મંદિર નજીક બ્રેક ફેઈલ થતા બેકાબુ બની તેનું બોનેટ માર્ગમાં જ ફરી જતા ઘટના સ્થળે મોટી દુર્ઘટના ટળી હતી.

# લીમઝરમાં ગેરકાયદે ધર્મસભા પર અગ્નિવીર હિન્દુ સંગઠનનો વિરોધ

**આદિવાસી** સંસ્કૃતિ અને ધર્મની સુરક્ષા માટે ધર્માંતરણના ષડયંત્રને કોઈપણ સંજોગોમાં સફળ થવા દેશું નહીં : અગ્નિવીર હિન્દુ સંગઠન



નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદાના લીમઝર ગામે ચાલતી ગેરકાયદે ખ્રિસ્તી ધર્મસભાનો અગ્નિવીર હિન્દુ સંગઠનનો ઉગ્ર વિરોધ થતા માહોલ ગરમાયો હતો. હિન્દુ સંગઠન દ્વારા સભા બંધ કરાવી ધર્માંતરણના જોડાણોની તપાસ કરી આદિવાસી વિસ્તારોમાં ચાલતી શંકાસ્પદ ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં તંત્ર પાસે માંગ કરી હતી.

નવસારી જિલ્લામાં વાંસદા તાલુકાના લીમઝર ગામમા આદિમ જૂથ ફળિયામાં અગ્નિવીર હિન્દુ સંગઠનના રાષ્ટ્રીય મહામંત્રી મહેન્દ્રસિંહ રાજપૂત અને તેમની ટીમે પોલીસ તંત્રને જાણ કર્યા બાદ સ્થળ પર પહોંચી ગેરકાયદે રીતે ચાલતી ધર્મસભાનો ઉગ્ર વિરોધ કરી સભા બંધ કરાવી હતી. અગ્નિવીર હિન્દુ સંગઠનની માહિતી મુજબ, આ સભાનો એકમાત્ર હેતુ આદિવાસી સમાજના ભોળા લોકોને લાલચ આપી અથવા ગેરમાર્ગે દોરીને તેમનું ધર્મ પરિવર્તન કરાવવાનો હોય છે. જ્યાં તેઓ ખુલ્લેઆમ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા. આ સમગ્ર મામલાની ગંભીરતા ત્યાં વધી જાય છે, જ્યારે ધર્મસભાનું સંચાલન કરનાર પાસ્ટર (મુખ્ય આયોજક)ના સરકારી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી. જેમાં પાસ્ટરના આધાર કાર્ડમાં તેમની ધાર્મિક ઓળખ 'આદિવાસી હિન્દુ' તરીકે સ્પષ્ટપણે નોંધાયેલી છે. જે વિસ્તારમાં એક પણ વ્યક્તિ ખ્રિસ્તી નથી, ત્યાં બાઈબલનો પ્રચાર અને પ્રાર્થના સભાનું આયોજન શા માટે?

જો તમે ગર્વથી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોય, તો તમારા સરકારી દસ્તાવેજોમાં 'હિન્દુ'ની ઓળખ શા માટે જાળવી રાખો છો? આ ધર્માંતરણકારોને અગ્નિવીર હિન્દુ સંગઠન દ્વારા ચેતવણી આપતા જણાવ્યું હતું કે જો તેઓ ખરેખર ખ્રિસ્તી બન્યા હોય, તો તેમણે તાત્કાલિક ધોરણે તમામ સરકારી દસ્તાવેજોમાં પોતાની ધાર્મિક ઓળખ બદલીને 'ખ્રિસ્તી' લખાવવી પડશે.

આ બાબતે અગ્નિવીર હિન્દુ સંગઠન દ્વારા રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર પાસે માંગણી કરી હતી કે ધર્મ પરિવર્તન વિરોધી કાયદા હેઠળ આ સભાના આયોજકો અને સંચાલકો વિરુદ્ધ યોગ્ય તપાસ કરી કડક પગલા ભરવામાં આવે અને આ વિસ્તારના આદિવાસીઓના ભોળપણનો લાભ લઈને કરવામાં આવતા ધર્માંતરણના જોડાણોની સઘન તપાસ કરી આદિવાસી વિસ્તારોમાં ચાલતી તમામ શંકાસ્પદ ધાર્મિક પ્રવૃત્તિઓ પર તાત્કાલિક ધોરણે પ્રતિબંધ મૂકવામાં આવે એવી માંગ કરી હતી.

# વાપીમાં રૂપિયા ૧૬૦ કરોડના ખર્ચે વિયર તથા રિવરફ્રન્ટનું નિર્માણ કરાશે

**વાપીમાં** શહેરી વિકાસ મંત્રી કનુભાઈએ રૂપિયા ૧૧.૭૩ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું



વાપી : નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપીમાં રૂપિયા ૧૧.૭૩ કરોડના કુલ ચાર વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. નેશનલ હાઈવે નં. ૪૮ પર બલીઠા, ગુંજન, જીઆઈડીસી ચાર રસ્તા અને યુપીએલ બ્રિજ નીચે પેવર બ્લોક, વાઈબ્રન્ટ બિઝનેસ પાર્ક પાસે રોડ પહોળો કરવાની અને ગટરની કામગીરી, ગુંજન તથા જીઆઈડીસી ચાર રસ્તા ખાતે બ્રિજ નીચે પાર્કિંગ ડેવલપમેન્ટના વિવિધ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યના શહેરી વિકાસ તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વાપી મહાનગરપાલિકા બન્યા બાદ અનેક વિકાસના કામો થઈ રહ્યા છે. ૧૮૦ બેડની હોસ્પિટલ પણ તૈયાર થઈ ગઈ છે. નેશનલ હાઈવે પર વાપી વિસ્તારમાં પાર નદીથી દમણગંગા નદી સુધી વૃક્ષારોપણ કરી તેનું સદભાવના ફાઉન્ડેશન સાથે મળી પાંચ વર્ષ સુધી જતન કરવામાં આવશે. રૂપિયા ૧૬૦ કરોડના ખર્ચે વિયરની સાથે સાથે રિવરફ્રન્ટનું પણ નિર્માણ કરવામાં આવશે. વાપી શહેરના તમામ રસ્તાઓનું કામ માત્ર બે મહિનામાં પૂર્ણ કરાશે તેમજ બલીઠા અન્ડરપાસ સહિતના કામો પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. નાગરિકોના સહયોગથી વાપી મહાનગર પાલિકા દ્વારા શહેરમાં તેમજ જીઆઈડીસી વિસ્તારમાં પણ સફાઈની કામગીરી સારી રીતે કરવામાં આવી રહી છે.

વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપતા સ્વાગત પ્રવચન કર્યું હતું. વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન યોગેશભાઈ કાબરીયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં તાલુકા ભાજપના પ્રમુખ સમય પટેલ, નોટિફાઈડ એરિયા ભાજપ પ્રમુખ મનીષભાઈ, નોટિફાઈડ એરિયા ચીફ ઓફિસર મહેશભાઈ કોઠારી, નોટિફાઈડ બોર્ડના પદાધિકારીઓ, એડવાઈઝરી બોર્ડના મેમ્બર્સ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસે ફિલ્મી સ્ટાઇલમાં દારૂ ભરેલી કાર ઝડપી

# દારૂ ભરેલી કારનો ટ્રક અને કાર સાથે અકસ્માત

**કાર** ડિવાઈડર સાથે અથડાતા ચાલક કાર મુકી ફરાર થઇ ગયો

**પોલીસે** ૪.૬૯ લાખ રૂપિયાનો દારૂ અને કાર મળી કુલ રૂપિયા ૧૨.૬૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

ઘેજ : નવસારી એલસીબી પોલીસે રાનકુવા પોલીસ ચોકી પાસે નાકાબંધી કરી ફિલ્મી સ્ટાઈલમાં દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી. જોકે ક્રેટા કારને અટકાવતા કાર ચાલકે પોતાની કાર પુરઝડપે હંકારી કાર અને ટ્રક સાથે અકસ્માત સર્જાયા બાદ ડિવાઈડર સાથે અથડાતા કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો.

પોલીસે ૪.૬૯ લાખ રૂપિયાનો દારૂ અને કાર મળી કુલ રૂપિયા ૧૨.૬૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવની ચીખલી પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી એલસીબીનો સ્ટાફ ચીખલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે રાનકુવા પોલીસ ચોકી પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમી મુજબની ક્રેટા કાર નં જીજે-૦૧-ડબલ્યુએ-૦૯૭૨ (સાચો નંબર-આરજે-૧૯-સીએમ-૮૬૧૪) આવતા પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલકે પોલીસની નાકાબંધી જોઈ કારને પૂર ઝડપે હંકારી લઈ આગળ ચાલતી ઈકો કાર અને રોડની સાઈડે પાર્ક કરેલી ટ્રક સાથે અથડાયા બાદ કાર ચાલકે કાર પૂરઝડપે રાનકુવા-ચીખલી માર્ગ ઉપર હંકારતા એલસીબી પોલીસે પીછો કરતા એક સમયે જાહેર માર્ગ ઉપર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. જોકે પોલીસ અને બુટલેગર વચ્ચે લાગેલી રેસમાં ક્રેટા કારના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા માણેકપોર પાસે ડિવાઈડર સાથે કાર અથડાતા ચાલક અને ક્લીનર નાસી જવામાં સફળ રહ્યા હતા.

બાદમાં પોલીસે કારની તલાસી લેતા અંદરથી વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ-૧૪૮૮, કિંમત રૂપિયા ૪,૬૯,૨૦૦, કારની કિંમત રૂપિયા ૮ લાખ મળી કુલ રૂપિયા ૧૨,૬૯,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ક્રેટા કાર ચાલક અને ક્લીનરને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પોલીસ કરી રહી છે.



અમૃત પટેલ

# માવઠા બાદ બચેલા ડાંગરના પાકની ઝોળી ભરડાવવાની કામગીરી શરૂ

**માવઠાને** લઇ ઉભા પાક ડાંગરના ખેતરોમાં પાણી ભરાઈ જતા ભાત નમી પડ્યો હતો, જીવાત પડી જતા પાક બગડ્યો

પારડી : માવઠાને કારણે ખેતરોમાં ખેડૂતોનો ડાંગરનો તૈયાર પાક બગડી જતા ભારે નુકસાની વેઠવી પડી હતી, જેના કારણે કેટલાક ખેડૂતો જે ડાંગરની ખેતી પર નિર્ભર રહેતા દવા-ખાતરનો ખર્ચ સાથે આર્થિક નુકસાની વેઠી રહ્યા છે. સરકાર દ્વારા સરવે કરી ખેડૂતોને નુકસાનીમાંથી મુક્તિ મળે તે માટે સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે પારડી તાલુકામાં કમોસમી વરસાદ બાદ બચેલો ડાંગરનો પાક ઝોળી ભરડાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પારડી તાલુકા તથા વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો.

જેને લઈ તૈયાર ડાંગરના પાકના ખેતરોમાં પાણી ભરાઈ જતા ભાત નમી પડ્યો, જીવાત પડી જતા ભાત બગડ્યું હતું. હાલ કમોસમી વરસાદ બાદ બચેલો ડાંગરનો પાક ઝોળી ભરડાવવાની કામગીરી ખેડૂતો દ્વારા હાથ ધરવામાં આવી છે, પરંતુ ખેડૂતોના દવા-ખાતરનો ખર્ચ તથા આખા વર્ષ દરમિયાન પરિવારનું ભરણ પોષણનો ખર્ચમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડશે તેવું ખેડૂતે જણાવ્યું હતું. સરકાર ખેડૂતોના વ્હારે આવી સહાય આપે એવી માંગ તેમણે કરી હતી.

### ભીલાડના બોરીગામમાં થયેલી ચોરીનો આરોપી રાજકોટથી ઝડપાયો

ઉમરગામ : ભીલાડ બોરીગામમાં થયેલી ચોરીના ગુનામાં રાજકોટથી એક આરોપીને વલસાડ એલસીબી પોલીસ ઝડપી લાવી છે. પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશનની હદમાં બોરીગામમાં એક બંધ ઘરમાંથી બે મહિના પહેલા ઘરફોડ ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. આ ગુનામાં વલસાડ એલસીબી પોલીસે રાજકોટ શહેર પુનિત નગર સર્કલ ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા આ ગુનામાં સંડોવાયેલો એક આરોપી ભાભલુ ઉર્ફે રમેશ ભુપતભાઈ સારોલીયા (ઉંમર વર્ષ 33)ને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી ચાંદીની બ્રેસલેટ, સોનાની કાનની કડી, મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 93,889 નો મુદ્દામાલ પણ કબજે લીધો હતો અને આરોપીને ભીલાડ પોલીસને સોપતા રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાય છે.


**એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે**

૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં ઈન્ડસ્ટ્રિયલ માટે

ડોલવણ: ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંઘાઈ (૨૨ થી ૨૫ વીંઘા)

અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.

મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬


# વાપીમાં હત્યાના પ્રયાસના આરોપીના જામીન નામંજૂર

વલસાડ : વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપીના જામીન ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ. એન. વકીલે નામંજૂર કર્યા હતા. છીરીમાં રહેતા અમરૂદ્દીન ખાને શકિલ ચૌધરીને માર માર્યો હતો. તેણે શકિલને સળિયા વડે માર મારી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. આ કેસમાં શકિલે પોલીસ ફરિયાદ કરતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા આરોપીએ કરેલી અરજી જજે નામંજૂર કરી દીધી છે.


**વેચાણ અંગેની જાહેર નોટિસ**

જિલ્લા : નવસારી, તાલુકો : ચીખલી, મોજે : રૂમલા, માં આવેલ ખાતા નંબર: ૩૮૧ જુનો બ્લોક ૧૭૬૦ જેનો નવો બ્લોક સર્વે નં. ૨૦૩૬ જેનુ કુલ્લે ક્ષેત્રફળ હે.આ.રે.ચો.મી.૧-૬૬-૬૨ પૈકી વેચાણ ૦-૩૪-૦૦ ક્ષેત્રફળ, આકાર રૂા.૮.૩૦ પૈસાવાળી જુની શરતની જમીન ખેતીની જમીન તથા તેને લગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની દરોબસ્ત ગોવિંદભાઈ જગુભાઈ લાડ વિગેરેનાઓએ પોતાની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી, તે જમીન નબોજી, નકરજી, ચોખ્ખું-ચોખ્ખો માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કબજો, ગીરો કે લીયન ઈત્યાદી હોય અગર તો સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, નાણાંકીય સંસ્થા ઈત્યાદીનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી અમોને જરૂરી કાયદેસર સર્ટિફાઈડ પુરાવાઓ સાથે દિન - ૫ માં લેખિતમાં હમોને જાણ કરવી, નોટીસની મુદત વિત્યેથી સદરહુ જમીનના ટાઈટલ માલિકથી કલીયર અને માર્કેટબલ હોવાનું તથા બોજા રહીત હોવાનું માની તેમજ સદરહુ જમીનમાં ઉપરોક્ત માલિક સિવાય અન્ય કોઈના હકક, હિત, હિસ્સા નથી અને હોય તો તે જતા કર્યા એટલે કે વેવ કર્યા છે, એમ ગણી સદરહુ જમીન અંગે મારા અસીલ રજીસ્ટર્ડ પાકા લખાણો/વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મારી મારફત- મનિષા એમ. ગુપ્તા - એડવોકેટ
ઓફીસ: વિજયનગર શોપિંગ સેન્ટર, સમરોલી, તા. ચીખલી, મો. નં.- ૮૭૮૦૬૩૧૧૧૮



**CSB Bank** Trusted Heritage Smart Future
CSB Bhavan, St Mary,s College Road, Thrissur

**PUBLIC NOTICE**

**NOTICE OF SALE / AUCTION OF GOLD ORNAMENTS**

CSB Bank Ltd. hereby issues public notice for sale of pledged ornaments which pertains to borrower/s who have deceased as per Bank's knowledge. The loan dues however remained unpaid and the Bank despite repeated reminders have not disclosed a concrete report pertaining to the deceased borrower/s nor the appropriate legal heir/s (with legitimate certificate ofcourse) hence, leading the account/s been classified as Non Performing Asset. The details are mentioned hereunder:-

| S. No. | Account Number | Name of Deceased Borrower: | Total Weight of Gold Ornaments: [___ grams] | Date of Pledge | Outstanding Amount: as on 11.12.2025 |
|---|---|---|---|---|---|
| BRANCH NAME : SILVASA | | | | | |
| 1 | 0391105890451 | ABHIJIT ANIL YADAV | 8.7 | 29.01.2022 | 32995.5 |
| 2 | 0391105890463 | KACHVE BABULAL | 129 | 20.07.2023 | 479069.59 |
| 3 | 0391105866580 | GEORGE | 5.74 | 14.05.2024 | 29770.76 |
| 4 | 0391105891943 | GEORGE | 14.6 | 19.06.2024 | 79607 |
| 5 | 0391105856874 | GEORGE | 6.6 | 23.09.2024 | 34171 |

The unavailability of the above has led the Bank to propose sale of the pledged gold ornaments by way of public auction. Anybody whosoever produces the legal heirship certificate within the expiry of 15 (fifteen) days from the date of publication of this notice shall come forward, failing which it shall be presumed that there is no objection for the sale and the Bank will proceed with the auction without further notice. In the instance case, Bank in order to recover the outstanding dues holds the upper hand to dispose/sell the pledged Gold.
You may get in touch incase you wish to the undersigned. Date of e-auction 26th December 2025 at 10.30 AM, Website: https://gold.samil.in

Date : 13.12.2025 | Place : Dadra And Nagar Haveli And Daman And Diu — Sd/- Authorized Officer, CSB Bank